(મૂળ અંગ્રેજીનું ગુજરાતી ભાષાંતર -કોઈપણ તફાવતમાં મૂળ અંગ્રેજી જાહેરનામુ આખરી રહેશો ચોકકસ સમજણ-અર્થઘટન માટે મૂળ અંગ્રેજી જાહેરનામાને ધ્યાને લેવા સલાહ આપશો.)

**ફી જાહેરનામુ**

**ગુજરાત સરકાર**

**માર્ગ અને મકાન વિભાગ**

**નવા સચિવાલય, ગાંધીનગર**

**નં.જીએસઆરડીસી/ટોલ નોટીફીકેશન/એચ-જી-એસ રોડ/૨૦૨૪**

**ઇ-ફાઇલ નં. જીએસઆરડીસી/ફી-ઇફાઇલ/૨૧૧૩/૨૦૨૩/૦૦૧૮/એચઓડી**

**તા. ૨૮/૦૩/૨૦૨૫**

**<u>સરકારી આદેશ</u>**

ગુજરાત સરકારે ગુજરાત રાજયમાં બાંધકામ, સંચાલન, તબદીલના આધારે નાણાં-ધિરાણ, બાંધકામ, નિભાવ અને માળખાના સંચાલન અને અન્ય વિકાસ પ્રયોજનાઓમાં ખાનગીક્ષેત્રનું ભાગીદારી કરવા માટે નિયમનકારી માળખું પૂરું પાડવા, ગુજરાત આંતર માળખા વિકાસ અધિનિયમ, ૧૯૯૯ (૧૯૯૯ નો ગુજરાત અધિનિયમ નં.૧૧) ઘડી કાઢયો છે.

1. ગુજરાત રાજય માર્ગ વિકાસ નિગમ, ગાંધીનગર (અહીં હવે પછી જેનો ઉલ્લેખ ''જીએસઆરડીસી' તરીકે કરવામાં આવે છે.) એ, તા.૧૭/૯/૨૦૦૮ ના રોજ ભારત સરકારની નિભાવ ક્ષમતા અંતર ભંડોળ યોજના હેઠળ ગુજરાત રાજયમાં હાલોલ-ગોધરા-શામળાજી માર્ગ એસએચ-૫ ના કિ.મી.૩૩૫.૧૭ થી કિ.મી.૫૦૧.૪૦ ના ખંડને ચારમાર્ગીય કરવા માટે એલ એન્ડ ટી હાલોલ-શામળાજી ટોલ વે પ્રાઈવેટ લી.જેનું નવું નામ એલ એન્ડ ટી હાલોલ-શામળાજી ટોલ વે. લિમિટેડ જેને હવે "કલ્યાણ હાલોલ-શામળાજી ટોલ વે લિમિટેડ" દ્વારા એનસીએલટી ના ઓર્ડર તા. ૨૬/૦૮/૨૦૨૨ અન્વયે ટેકઓવર કરવામાં આવેલ છે. (અહી હવે પછી જેનો ઉલ્લેખ ''કન્સેશનર તરીકે કરવામાં આવ્યો છે.) સાથે નિર્માણ સંચાલન અને તબદીલીના ધોરણે કરાર કર્યો છે. આ પરિયોજના ધોરીમાર્ગની મોજણી, આલેખન, ઈજનેરી, સંપાદન, નાણાં, બાંધકામ, વ્યવસ્થાપન, સંચાલન અને જાળવણી કરવા સંમત થયા છે.
2. આ કન્સેશન કરારની કલમ-હેઠળ, આ કન્સેશન કરારની કલમ -૩.૧ માં નિયત કરેલા કન્સેશન સમયગાળા માટે કન્સેશનરને આ પરિયોજના નિહિત કરે છે.
3. હવે આ કન્સેશન કરાર હેઠળ, કન્સેરનરના અધિકારીની સ્વીકૃતિમાં આથી ગુજરાત સરકાર સમર્થન આપે છે, જાહેર કરે છે અને આદેશ કરે છે કે કન્સેશનર અથવા તેમના અધિકૃત્ત એજન્ટ/કર્મચારીઓ, કન્સેશન કરાર અનુસાર કોઠો નં.જી.૨ માં આવા નિશ્ચિત કરેલા વર્ગોના અને વાહનોથી ખેંચવામાં આવતા ટ્રેલર ઉપર તેમાંના દરેકની સામે નિર્દેશ કરવામાં આવેલા દરે ચાર્જ નિયત  કરશે. વસુલ કરશે ઉઘરાવશે એકત્રિત કરશે અને રાખશે.

નીચે આપેલો કોઠો જી.૧, ટોલ પ્લાઝા સ્થાન હેઠળ આવરી લીધેલા અનુભાગની લંબાઈ દર્શાવે છે.

**કોઠો -જી.૧ બાંધકામ બાદની ડીઝાઈન ચેઈનેજ અનુસાર દરેક ટોલ પ્લાઝા સ્થળ હેઠળ આવરી લેવાયેલ અનુભાગની લંબાઈ**

| અનુભાગનું નામ | ટોલ પ્લાઝા સ્થળ કિ.મી | આવરી લીધેલા અનુભાગની લંબાઈ કિ.મી. | કુલ લંબાઈ કિ.મી. |
|---|---|---|---|
| હાલોલ-ગોધરા | ૩૫૭/૧૦૦ | ૩૩,.૧૭૦ થી ૩૭૯.૪૩૦ | ૪૪.૨૬૦ |
| ગોધરા-લુણાવાડા | ૪૦૯/૩૭૨ | ૩૭૯.૪૩૯ થી ૪૨૧.૯૯૦ | ૪૨.૫૬૦ |
| લુણાવાડા-મોડાસા | ૪૫૩/૦૪૨ | ૪૨૧.૯૯૦ થી ૪૭૯/૦૩૦ | ૫૭.૦૪૦ |
| મોડાસા-શામળાજી | ૪૮૪/૬૯૦ | ૪૭૯/૦૩૦ થી ૫૦૮/૨૩૦ | ૨૯.૨૦૦ |

<u>**દરની અનુસૂચિ**</u>

૧ લી એપ્રિલ , ૨૦૨૫ના રોજથી ગુજરાત રાજય ધોરી માર્ગ -૫ પરના કિ.મી. ૩૩૫.૧૭ થી કિ.મી.૫૦૧.૪૦ ના માર્ગનો ઉપયોગ કરનાર પાસેથી વસુલ કરવાની બેઝ ફી ના દર.

| અ. નં | વાહનોનો પ્રકાર | બેઝ (પાયા) ટોલ દર /ફી (રૂપિયામાં ) (વાહન દીઠ એકમાર્ગીય સફર માટે ફીના દર) ૧ એપ્રિલ ૨૦૨૫ થી કિલોમીટર દીઠ રૂપિયામાં) | વર્ષ ૨૦૨૫-૨૬ માટે નોટીફીકેશનના કલોઝ-૭ પર આધારિત એપ્રિલ -૨૦૨૫ ના સુધારેલ ટોલ રેટ /ફી પર આધારીત ખરેખર ઉપયોગ કર્તા ફી રૂપિયામાં | | | | | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | હાલોલ-ગોધરા | ગોધરા-લુણાવાડા | લુણાવાડા -મોડાસા | મોડાસા-શામળાજી | હાલોલ-શામળાજી (વાહન દીઠ એકમાર્ગીય સફર માટે ફીના દર રૂ.માં) | ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગના પત્ર ક્રમાંક:- મુ.મ.સ./૧૦/૨૦૧/ ટો.મુ/કેબીનેટ /૧૯/ખા.ક. તા.૧૨/૮/૨૦૧૬ થી જણાવ્યા મુજબ ટોલ પ્લાઝા પર કાર/જીપ/વાન દ્વિચક્રીય, ગુજરાત રાજય પરિવહન નિગમ એસ.ટી. બસને ટોલ ભરવામાંથી મુક્તિ આપવાની રહેશે. |
| ૧ | મોટરગાડીઓ /જીપ | ૧.૪૬૮ | ૬૫ | ૬૦ | ૮૫ | ૪૫ | ૨૫૫ | |
| ૨ | મિનિ બસ | ૨.૫૭૫ | ૧૧૫ | ૧૧૦ | ૧૪૫ | ૭૫ | ૪૪૫ | |
| ૩ | બસ | ૫.૧૨૬ | ૨૨૫ | ૨૨૦ | ૨૯૦ | ૧૫૦ | ૮૮૫ | |
| ૪ | એલસીવી | ૨.૫૭૫ | ૧૧૫ | ૧૧૦ | ૧૪૫ | ૭૫ | ૪૪૫ | |
| ૫ | ૨ એકસેલ વાળો ખટારો | ૫.૧૨૬ | ૨૨૫ | ૨૨૦ | ૨૯૦ | ૧૫૦ | ૮૮૫ | |
| ૬ | એમએવી | ૮.૨૫૫ | ૩૬૫ | ૩૫૦ | ૪૭૦ | ૨૪૦ | ૧૪૨૫ | |

આ ફી, પરિયોજના ધોરીમાર્ગના માર્ગ (કન્સેશન કરારમાં વ્યાખ્યાયિત કર્યા મુજબ) નો ઉપયોગ કરતાં અને ટોલ પ્લાઝામાં પ્રવેશતાં અને પરિયોજના ધોરીમાર્ગ ઉપર પસાર થતાં વાહનો ઉપર તા. ૦૧/૦૪/૨૦૨૫ ના રોજ ૦૦.૦૦ કલાકની અસરથી લેવામાં આવશે.

**4.** નીચેના પ્રકારના વાહનો ટોલમાંથી બાકાત રહેશે અને "કન્સેશનરે " તેમને ટોલ ચાર્જ વિના સવલતોનો ઉપયોગ કરવા દેવાનો રહેશે.

વીઆઈપીનું ચિહ્ન ધરાવતા વાહનો જે સત્તાવાર અધિકૃત રીતે ભારતના નામદાર રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડા પ્રધાન, રાજયોના રાજયપાલો, ઉપરાજયપાલો , સંઘ પ્રદેશોના રાજયપાલો, મુખ્ય મંત્રીઓ, કેન્દ્ર અને રાજયના મંત્રીઓ, કેન્દ્ર અને રાજય વિધાનસભાના ક્ષેત્રાધિકાર ધરાવતા અધ્યક્ષાપદ સંભાળતા પદાધિકારીઓ અને લોકસભા, રાજય સભા અને રાજય વિધાનસભામાં વિરોધપક્ષાના નેતાઓ, ભારતની સર્વોચ્ચ અને ઉચ્ચ અદાલતના ક્ષેત્રાધિકાર ધરાવતા જજ, ભારતની મુલાકાતે પધારતા વિદેશી મહાનુભાવો, મોટરકારોમાં સીડી પ્રતીક ધરાવતા ભારત ખાતે નિયુકત થયેલા વિદેશી મિશનોના વડાઓ, સાંસદો, ધારાસભ્યો, કેન્દ્ર અને રાજય સરકારના વાહનો, જીએસઆરડીસીના અધિકારીઓ, સ્થળના સંબંધમાં તેમની વૈધાનિક ફરજો બજાવતા પરિયોજના ધોરીમાર્ગનો ઉપયોગ કરવો જરૂરી હોય તેવી વ્યકિતઓ, સ્વતંત્ર પરામર્શક, ગણવેશધારી સશસ્ત્ર દળો, અર્ધ લશ્કરી દળો અને સુરક્ષા દળનાં વાહનો સહિત કેન્દ્ર અને રાજયના દળો, પોલીસ વાહનો, પરમવીર ચક્ર, અશોક ચક્ર, મહાવીર ચક્ર, કીર્તિ ચક્ર, વીર ચક્ર અને શૌર્ય ચક્ર જેવા વીરતા પુરસ્કારોના વિજેતાઓને સક્ષમ સત્તાતંત્રે તેમના પુરસ્કારને અધિકૃત કરતું ઓળખપત્ર દર્શાવતા, જિલ્લા અને તાલુકા પંચાયતના પ્રમુખો, અગ્નિશામક દળના વાહનો, એમ્બ્યુલન્સ અને કટોકટી ‘સમયમાં બચાવ કામગીરીમાં વપરાંતા વાહનો.

**5.** નિર્દિષ્ટ ફી યોગ્ય રીતે ચુકવ્યા વિના પરિયોજના માર્ગનો ઉપયોગ કરવા માટે ઉપયોગકર્તાને નિયંત્રિત કરવાનો અથવા પ્રતિબંધિત કરવાનો કન્સેશનરને અધિકાર છે.

**6.** વ્યાખ્યાઓ આ જાહેરનામામાં, અન્યથા સંદર્ભ જરૂરી હોય એ સિવાય.

i. **"વાસ્તવિક ફી"** એટલે પ્રયોજના -ધોરીમાર્ગનો દરેક અનુભવ અથવા તેના કોઈ ભાગનો ઉપયોગ કરનાર પાસેથી ખરેખર વસુલાત કરાતી ફી, જેમાં જામનગર બાયપાસ અને આ જાહેરનામાની યાદીમાં દરેક અનુભવ માટે આપેલ પાયાની ફી લાગુ પડવાપાત્ર છે.

ii. **"વાણિજિયક સંચાલનની તારીખ "** ("સીઓડી") એટલે રાજય ધોરીમાર્ગ નં.૨૫ ના ઉકત અનુભાગની વાણિજિયક સંચાલન શરૂ થાય, ઉકત રાજય ધોરીમાર્ગના ઉકત અનુભાગની કામગીરી પૂર્ણ થયે સત્તાતંત્ર અને કન્સેશનર વચ્ચે કરવામાં આવેલા કરારની જોગવાઈઓને અનુરૂપ, જે દિવસે સ્વતંત્ર ઈજનેરે પૂર્ણતા પ્રમાણપત્ર અથવા કામચલાઉ પ્રમાણપત્ર આપ્યું હોય તે તારીખ;

iii. **"સમાપ્તિ તારીખ"** એટલે સત્તાતંત્ર અને કન્સેશનર વચ્ચે કરવામાં આવેલા કરારની જોગવાઈઓ અનુસાર ઉકત કરારની મુદત પુરી થાય તે અથવા સમાપ્તિ નોટિસ ધ્વારા કરારની મુદતની પુરી કરવામાં આવે તે તારીખ;

iv. **"સ્થાનિક યાતાયાત/અવરજવર"** એટલે આ પરિયોજના ધોરીમાર્ગ ઉપર ખાનગી મોટરગાડી ધ્વારા કરવામાં આવતી અવર-જવર: પરંતુ (૧) આવી ખાનગી મોટર ગાડીની માલિક વ્યકિત ટોલ પ્લાઝાથી ૧૫ (પંદર ) કિ.મી.ની હદમાં રહેતી હોવી જોઈએ, અને (૨) આવા વિસ્તારમાં જોડતા માર્ગ માટે કોઈ વિકલ્પ ન હોવો જોઈએ. શંકાના નિવારણ માટે, આવા વિસ્તારને જોડતો માર્ગ, પરિયોજના ધોરીમાર્ગને